**રાજ્ય સરકારના વર્ગ-૧ અને વર્ગ-૨ સંવર્ગના અધિકારીઓના વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલ "સાથી" પોર્ટલ પર "ઓનલાઈન" કરવા બાબત.**

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક : ખહલ-૧૦૨૦૨૧-૧૨-ક
સચિવાલય, ગાંધીનગર
તા.૧૫/૦૨/૨૦૨૧

વંચાણે લીધા :

(૧) સા.વ.વિ.નો તા.૦૪/૦૩/૨૦૧૪ નો ઠરાવ ક્રમાંક : ખહલ-૧૦૨૦૧૩-૫૬૨૨૯૪-ક
(૨) સા.વ.વિ.નો તા.૧૯/૦૪/૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક : ખહલ-૧૦૨૦૧૬-૪૨૯-ક
(૩) સા.વ.વિ.નો તા.૩૧/૦૩/૨૦૧૮ નો ઠરાવ ક્રમાંક : ખહલ-૧૦-૨૦૧૮-૮૦૭૯૨-ક

## પરિપત્ર

ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૧) ના ઠરાવથી રાજ્ય સરકારના વર્ગ-૧ અને વર્ગ-૨ સંવર્ગના તમામ અધિકારીઓની વાર્ષિક કામગીરીનાં મૂલ્યાંકન માટે કામગીરી મૂલ્યાંકન અહેવાલ (Performance Appraisal Report) અમલમાં લાવવામાં આવેલ છે. તેમજ ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૨) ના ઠરાવથી આ વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલની કામગીરી તબક્કાવાર "સાથી" પોર્ટલ પર ઈલેક્ટ્રોનિક ફોર્મમાં "ઓનલાઈન" હાથ ધરવાનું સૈદ્ધાંતિક રીતે ઠરાવવામાં આવેલ છે, અને ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૩) ના ઠરાવથી રાજ્ય સરકારના વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓના વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલ લખવા તથા સમીક્ષા કરવા તથા તે સંદર્ભે કાર્યવાહી હાથ ધરવા અંગેની સુચનાઓ નવેસરથી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

તદનુસાર, રાજ્ય સરકારના વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓનો "સાથી" સોફ્ટવેરમાં સમાવેશ થઈ ગયેલ હોવાથી, આ તમામ અધિકારીઓના વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલની કાર્યવાહી "સાથી" પોર્ટલ પર "ઓનલાઈન" હાથ ધરવામાં આવે છે.

પરંતુ તાજેતરમાં સચિવાલયના વહીવટી વિભાગો હસ્તકના કેટલાંક વર્ગ-૧ અને વર્ગ-૨ સંવર્ગના અધિકારીઓના વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલ હજુ પણ "ઓનલાઈન" ને બદલે "ઓફલાઈન" એટલે કે physical form માં હાથ ધરવામાં આવતા હોવાનું ધ્યાનમાં આવેલ છે. જે બાબત રાજ્ય સરકારની વર્ગ-૧ અને વર્ગ-૨ સંવર્ગના તમામ અધિકારીઓના વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલ લખવા અંગે ઘડાયેલ સર્વગ્રાહી નીતિ સાથે સુસંગત નથી.

જેનાં કારણે રાજ્ય સરકાર દ્વારા વર્ગ-૧ અને વર્ગ-૨ સંવર્ગના તમામ અધિકારીઓની વાર્ષિક કામગીરીનાં મૂલ્યાંકન માટે અમલમાં લાવવામાં આવેલ "ઓનલાઈન" કામગીરી મૂલ્યાંકન અહેવાલ(**Performance Appraisal Report**) ની પદ્ધતિના વિશિષ્ટ પાસાંઓ જેમ કે સમયમર્યાદા, પારદર્શીતા, અસરકારકતા, ચોક્કસાઈ તેમજ વહીવટી સુગમતા વગેરે સંપૂર્ણપણે ફળીભૂત થતાં નથી.

જે ધ્યાને લેતાં, નીચે મુજબની સુચનાઓ આથી પરિપત્રિત કરવામાં આવે છે.

(૧) સચિવાલયનાં વહીવટી વિભાગો હેઠળ નિયમીત રીતે ફરજો બજાવતાં વર્ગ-૧ અને વર્ગ-૨ સંવર્ગના તમામ અધિકારીઓનાં વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલની કાર્યવાહી ફરજીયાતપણે "સાથી" પોર્ટલ પર "ઓનલાઈન" હાથ ધરવાની રહેશે.

(૨) આ વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલની કાર્યવાહી "સાથી" પોર્ટલ પર "ઓનલાઈન" હાથ ધરવા માટે કરવાની થતી આનુષાંગિક તમામ કામગીરી સંબંધિત વહીવટી વિભાગે / કચેરીએ સા.વ.વિ. / એચ.આર.એમ.એસ. સેલનાં પરામર્શમાં તાત્કાલિક ધોરણે પૂર્ણ કરવાની રહેશે.

(૩) આ વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલની કાર્યવાહી "ઓનલાઈન" હાથ ન ધરાયેલ હોવાના કારણોસર "ઓફલાઈન" એટલે કે **physical form** માં કામગીરી મૂલ્યાંકન અહેવાલ લખવા અંગે મંજૂરી આપવા અંગેની કોઈપણ દરખાસ્ત સામાન્ય વહીવટ વિભાગને રજૂ કરવાની રહેશે નહિં.

(૪) આ વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલની કાર્યવાહી "ઓનલાઈન" હાથ ધરવામાં નહીં આવે અને ભવિષ્યમાં જો કોઈ વહીવટી કે કાયદાકીય પ્રશ્નો ઉપસ્થિત થશે તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત વહીવટી વિભાગ / સંવર્ગ સંચાલકશ્રીની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આનંદ બિહોલા)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી
- માન. મંત્રીશ્રી/માન. રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી

20 FEB 2021

- ❖ મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- ➢ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
- ➢ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- ➢ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- ➢ સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- ➢ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર
- ➢ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- ➢ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
- ❖ ખાસ ફરજ પરનાં અધિકારીશ્રી, એચ.આર.એમ.એસ. સેલ, સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગર તરફ જરૂરી જાણ તથા આ પરિપત્ર **'SATHI'** પોર્ટલ પર તાત્કાલિક પ્રસિદ્ધ કરવા અંગે યોગ્ય કાર્યવાહી કરવા સારુ.
- ❖ સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ **GSWAN** પર સા.વ.વિ./ક–શાખાનાં પરિપત્ર સંગ્રહમાં આ પરિપત્ર અપલોડ કરવા જરૂરી કાર્યવાહી કરવા સારુ.
- ❖ એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- ❖ એડીશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/ગાંધીનગર
- ❖ સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/સર્વે શાખાઓ
- ❖ પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- ❖ રેસીડેન્ટ ઓડીટ ઓફીસરશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- ❖ સચિવાલયના સર્વે વિભાગો(સર્વે ખાતાના વડાઓ/ખાતાના નિયંત્રણ હેઠળની સર્વે કચેરીઓના તાત્કાલિક ધ્યાને લાવવા અંગે લેખિત સુચનાઓ પરિપત્રિત કરવાની સૂચના સહ).
- ❖ એક્ઝીક્યુટીવ, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, **GSWAN** ઉપર પ્રસિધ્ધિ અર્થે.
- ❖ નાયબ સેકશન અધિકારી - સિલેકટ ફાઇલ
- ❖ સિલેકટ ફાઇલ.

---

➢ પત્ર દ્વારા.

699-IT
ટપાલશા